# Day to Day Current Affairs

## **૨૫ એપ્રિલ, ૨૦૧૫ શનિવાર**

**૧. ૨૫ એપ્રિલ**

- વિશ્વ મેલેરિયા દિવસ
- આ વખતનું થીમ : 'ઇન્વેસ્ટ ઇન ધ ક્યુચર : ડિફિટ મેલેરીયા '

**૨. નેવી પોરબંદરમાં પોતાનો નવો બેઝ શરૂ કરશે :**

- નેવી હવે ગુજરાતમાં દરિયાઇ સલામતી વધારવા માટે પોરબંદરના દરિયા કાંઠે તેનો નવો બેઝ 'આઇએનએસ સરદાર પટેલ' આગામી મહિને શરૂ કરશે.

**૩. રણજીતરામ સુવર્ણ ચંદ્રક :**

- ગુજરાત સાહિત્ય સભા દ્વારા જાણીતા કવિ અને લેખક નલિન રાવળને રણજિતરામ સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યા.
- ગુજરાત વિદ્યા સભાના પ્રમુખ કુમારમાપા દેસાઇના હસ્તે આ એવોર્ડ એનાયત થયો
- પ્રથમ રણજિતરામ સુવર્ણ ચંદ્રક વિજેતા : ઝવેરચંદ મેઘાણી

**૪. ગુજરાત ઇનોવેશન સોસાયટી એવોર્ડ : ૨૦૧૫ :-**

- અમૂલના સીઓઓ અને મેનેજિંગ ડિરેક્ટર આર.એસ.સોઢીને આ એવોર્ડ અપાયો.
- ફિક્કીના મેનેજીંગ ડિરેક્ટર  રાજીવ વસ્તુપાલ તેમજ ભૂતપૂર્વ એમપી સુરેન્દ્ર પટેલ દ્વારા આ એવોર્ડ આપવામાં આવ્યો

**૫. જોન્ટી રોડ્સ :-**

- ભૂતપૂર્વ દક્ષિત આફ્રકન ક્રિકેટર જોન્ટી રોડ્ઝના ઘરે દિકરીનો જન્મ થતાં તેનું નામ 'ઇન્ડિયા' રાખ્યું
- જોન્ટી આઇપીએલ મુંબઇ ઇન્ડિયન્સ ટીમના ફિલ્ડીંગ કોચ છે.
- આઇપીએલ દરમિયાન મુંબઇ ખાતે દિકરીનો જન્મ થતાં 'ઇન્ડિયા' નામ રાખવામાં આવ્યું.

**૬. મન કી બાત :**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા.૨૬-૪-૨૦૧૫ના રોજ સવારે ૧૧ વાગે 'મન કી બાત' કાર્યક્રમ યોજાશે.

**૭. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ :**

- દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ ગુજરાત મુલાકાતે
- તેઓ સુરતમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં 'એન્ટિ માઇક્રબલ રેસિસ્ટન્ટ પ્રોબ્લેમ બર્ડન, ડિટેરમીનેનન્ટસ ચેલેન્જ એન્ડ સ્ટ્રેટેજી' પર યોજવામાં આવેલા સેમિનારમાં હાજરી આપવા આવ્યા હતાં.

**૮. ખુશ દેશોના વૈશ્વિક સુચક આંક :-**

- સંયુક્ત રાષ્ટ્રોના વર્લ્ડ હેપિનેસ ઇન્ડેક્સ પ્રમાણે વિશ્વનો સૌથી ખુશ દેશ સ્વિત્ઝરલેન્ડ.
- ૧૫૮ દેશોની આ યાદીમાં ભારત ૧૧૭માં ક્રમે છે.
- વર્ષ ૨૦૧૩માં ભારતનો ક્રમ ૧૧૧મો હતો
- પાકિસ્તાન આ યાદીમાં ૮૧માં ક્રમ પર છે.
- સંયુક્ત રાષ્ટ્રોનથી વૈશ્વિક પટેલ સસ્ટેનેબલ ડવલપમેન્ટ સોલ્યુસન્સ નેટવર્ક (એસડી.એસ.એન) દ્વારા આ રિપોર્ટ તૈયાર કરાયો છે.
- માથાદીઠ જીડીપી, અપેક્ષિત જથીવન, સામાજિક સહકાર અને જીવન અંગે પસંદગીની સ્વતંત્રતા જેવા પરીબળોને આધારે આ યાદી તૈયાર કરવામાં આવે છે.

www.vivekanandacademy.org

**૯ રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કર્યો :-**

- રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો જાહેર કર્યો છે.
- આશરે ૫ લાખ કર્મચારીઓ અને પેન્શનરોનું ભથ્થું હાલમાં ૧૦૭% થી વધીને ૧૧૩% થશે.
- કર્મચારીઓને ૧ લી જાન્યુઆરી ૨૦૧૫ થી આ ભથ્થુ મળવાપાત્ર થશે.
- જાન્યુઆરી ૨૦૧૫ થી એપ્રિલ-૨૦૧૫નું એરિયર્સ કર્મચારીઓના મે મહિનાના પગારમાં રોકડમાં ચૂકવવામાં આવશે.

www.vivekanandacademy.org